ખુનશ્ને, khûnashnê: નાo ભાવo પઢવું, પઢાણ; ખાવું. Abst. Subs. Reading; reciting; eating.

હોશ્નવાર, hôshnavâr. વિo ખુશનુમાં ચેહેરો રાખનાર, ખુશી હાંસલ કરવું, રાજી થયલું. Adj. Possessing elegant features; deriving pleasure; pleased with.

અનોશે, અન્-ઓશે, anôshê, an-ôshê. નાo દોઆ, આફ્રીન; ખુશ, ખુશહાલ; હમેંશે; ખોદાતાલાનાં નાંમો મધેનું એક નાંમ; બેહેશ્તી રવાનનો ખોરાક; અંગુરી દારૂ; પાદશાહ શાહપુરની ફુઈનું નામ કે જે ઘણી સાહલેશ અને પરહેજગાર હતી; દાનાં સ્ત્રી; નોજવાન પાદશાહ, ઈનસાફ કરનાર; સલામતી. વિo અવિનાશી; પરહેજગાર; બેહેશ્તી; નિરપરાધી; બખ્તાવર; સુખી. Subs. A blessing; a benediction; one of the names of God; a kind of celestial food for the blessed souls of the virtuous; wine made from grapes; name of the paternal aunt of *King Shâpur,* who was a

pious and noble lady; a sensible woman; a young king; one who administers justice; safety. Adj. Imperishable; pious; celestial; innocent; fortunate; happy. Pâz. Per. انوشہ

ખુન્યાક, khûnyâk See , khûnâkgar.

હવીદક, havîdak. See hûnôsh.

હુનોશ્ક, hûnôshk. See hûnôsh.

હુશ્ક, hûshk. વિ૦ સુક્કું. Adj. Dry. Av. = Sans. शुष्क = Per. خشک

હુનીકીન, hunîkîn. વિ૦ હમેલદાર, ગર્ભવંત. Adj. Pregnant; being with young.

હુનીકીનેમ, hûnîkînêm. ક્રિ૦ હું હમેલદાર થાઉં. V. I may become pregnant. Comp. Av.

અનોશ્ગાન, anôshgân. ના૦ મોટ વગરનાઓ, આશીરવાદ પામેલાઓ. Subs. Plur. Those that are free from death; those that are blessed.

અનોશ્ગી, anôshgî. See anôshî.

હુનોશ્ગી, h'ûnôshgî. ના૦ હુનોશ નાંમનો દેવ. Subs. *Hunosh* (name of a *Dev*).

હુનીકીની, hûnîkînî. ક્રિ૦ આજ્ઞા૦ તું હમેલદાર થા; તું હમેલદાર થાયછે. V. Imper. Be thou pregnant; thou becomes pregnant. Comp. Av.

અનોશ્કીનીદન, anôshkînîdan. ક્રિ૦ અમર્ગ કરવું, આશીરવાદ પામેલું કરવું, સુખી જીંદગી ગુજારવી. V.

To make immortal; to make (a person) blessed; to pass a happy life.

અનોશકીન્-રદાન, anôshkîn-radân. નાo બેહેશતી સરદારો. Subs. Celestial leaders; heavenly chiefs. Comp. Av. + = Per. انوشر ادان

આનોશ-કવાતર, anôsh-kavâtar. નાo એક નાંમ છે કે જે ઘણુંખરૂં નોશેરવાન કોબાદ હોવું જોઈએ. Subs. Prop. A name generally believed to be that of *Nowshirwân Kobâd.*

હનુશકંદ, hanûshkand. વિo સેતમગાર, જુલમી. Adj. Tyrannical; despotic.

હુનશેહ, hûnshêh. નાo એક દોજખનું નામ. Subs. The name of one of the hells.

અનોશ-કેરદાર, anôsh-kêrdâr. વિo બેમર્ગ, બેહેશતી કામ કરનાર. Adj. Immortal; performing heavenly deeds.

અનોશે-તન, anôshê-tan. નાo આશીરવાદ પામેલો શખ્સ. વિo બેહેશતી કદવાળું. Subs. A blessed person. Adj. Of heavenly stature. Comp. Per. انوشر + تن

અનોશ-કવાદાન, anôsh-kavâdân. નાo નોશીરવાન કોબાદ, નોશેરવાન આદેલનું નામ છે. Subs. *Nowshirwân* (the son of *Kobâd*); *Nowshirwân* the Just.

અનોશે-રોબાન, anôshê-rôbân. નાo બેહેશતી-રવાન. Subs. Heavenly soul. Comp. Av. = Per. انوشر روان

આનોએ-આવાદાન, ânôê-âvâdân. ના૦ તે આબાદીવાળી જગો. Subs. That prosperous place.

હુ-ન્યાઝાદાન, hû-nyâzâdân. ના૦ સારી ઉમેદ —આશા રાખનારા. Subs. Those that entertain good hopes.

હુ-વશ્ત, હ-વરશ્ત, hû-vasht, ha-varasht. ના૦ નેક કામ. Subs. A good—virtuous deed. Av.

હુ-વેખ્તગી, hû-vêkhtagî. વિ૦ સારી રીતે ગળાયલું. Adj. Well strained. Comp. Per. خوب بیختگی

અ-વેખ્તન, a-vêkhtan. ક્રિ૦ નહીં ગાળવું. V. Not to strain. Per. نا بیختن

હુવશ્તન, hûvashtan. ક્રિ૦ મકાન કરવું, ઉતારો કરવો. V. To settle, to alight; to halt.

હુ-વશ્તન, hû-vashtan. ક્રિ૦ સારી રીતે—જહડપમાં કરવું. V. To turn—move well; to move rapidly.

હુ-વેખ્તન, hû-vêkhtan. ક્રિ૦ સારી રીતે—સંભાળથી—ગાળવું. V. To strain well—carefully. Comp. Per. خوب بیختن

હુ-વશ્તમુનતન, hû-vashtamunatan. ક્રિ૦ સારી રીતે ખાવું. V. To eat well; to do justice to.

અનોશ્-પદ, anôsh-pad. ના૦ બેહેશતનો ધણી. Subs. The inmate of Elysium; the owner of heavenly beatitude. Comp. Av. +

અનુ-દામ, anû-dâm. ના૦ તે પેદાયશ. Subs. That creation.

હુશ્મોર્દન, hûshmôrdan. ક્રિ૦ ગણવું, શુમાર્ કાહાડવો; પઢવું. V. To count; to esti-

mate; to read; to learn. Comp. Av. Rt. = Sans. स्मृ = Per. شمردن

અન્-નીર્‌મદ, an-nîrmad. વિ० મદદ—આશ્રા વગરનું. Adj. Destitute of help—support.

ઓએસ, ઓવસ, ôês, ôvas. ના० ખેશ, સગું, પેવંદ, ખાનદાન. Subs. A relation; a kinsman; connection; family.

અન્-નસા, an-nasâ. વિ० નસા વગરનું. Adj. Free from dead organic matter. Comp. Av.

અન્-વેશ, an-vêsh. વિ० વધારે નહીં, ઓછું. Adj. Not more—greater; less.

અવન્ગશ, ખુન્ગી, avangash, khûngî. ના० કીમીઆગર. Subs. An alchemist.

અવનીશ, ખુનેસ, avanîsh, khûnês. ના० મુસાફર, દરવેશ. Subs. A traveller; a *dervish*.

હવ-ન્દી, havandî. વિ० બરાબરીઉ, સરખું. Adj. Equal; on a par with. Per. باوندي

હુનજ્યા, hûnajyâ. See , hûnîâ, rarâ.

હુ-નીશાન, hu-nîshân. ના० સારી નીશાન—નેમ—અગમચેતી. Subs. A good sign—object—foresight.

હુ-નીશાની-દારી, hû-nîshânî-dârî. વિ० સારી નીશાન—નેમ રાખનારૂં, સારી રીતે તીકનારૂં. Adj. Possessing a good sign; having good intentions; right-hitting.

અ-વ-ન્દશ્ની, a-vandashnî. ના૦ ભાવ૦ નહીં મેલવવું —પાંમવું. Abst. Subs. Not obtaining—procuring.

અએનીગાન, aênîgân. વિ૦ કીનો લેનારૂં, બેગાંનુ, દેષી. Adj. Vindictive; alien; foreign; inimical. Comp. Av. = Sans. एनस्.

અવનીદ, avanîd. ના૦ ચોકીદાર; મુસાફર. Subs. A watchman; a guard; a traveller.

અવ્નીસ, avnîs. ના૦ સીસું ગાલનાર. Subs. One who melts lead.

આનીસ, ânîs. See avangash, khûngî.

ખુનેસ khûnês. See avanîsh. khûnês.

ખુનેસીહા, khûnêsîhâ. ના૦ હીરાકશી. Subs. Green vitriol.

ખુનેસ્તન, khûnêstan. ક્રિ૦ મુબારક—આમીન કરવું. V. To make propitious; to make *amen*.

હુનીસ્તન, hûnîstan. ક્રિ૦ પાક—સાફ—નીતરૂં કરવું. V. To purify; to free from impurities; to clean; to make clear—limpid.

અનુસો, anûsô. વિ૦ નારજામંદ, નાખુશ, દલગીર, નાપાક. Adj. Not permitting; displeased; sorry; impure. Comp. Av.

ખુન્સન્દ, khûnsand. વિ૦ ખુશ, ખુશહાલ, સંતોષી, ઠરાયલું, સબુરીવાલું. Adj. Pleased; happy; contented; satisfied; patient. Pâz. = Per. خرسند

ખુન્સન્દ્-હીમી, khûnsand-hîmî. વિ૦ સંતોષ-ભરી ખાસીઅતનું. Adj. Of a contented nature.

ખુન્સન્દેહ્-ગરી, khûnsandêh-garî. વિ૦ રજામંદ, ખુશી કરનારૂં. Adj. Permitting; consenting; giving pleasure; pleasing. Comp. Av. = Per. خوشنودگر

ખુન્સન્દ્-ખેરદી, khûnsand-khêradî. વિ૦ સંતોષી મનવાળું. Adj. Of a contented mind. Comp. Av. = Per. خرد + خرسند

ખુન્સન્દી, khûnsandî. ના૦ ભાવ૦ સંતોષ; ખુશી. Abst. Subs. Contentment; pleasure. Comp. Per. خرسندي

ખુન્સંદ્ગી, khûnsandgî. See Khûnsandî.

ખુન્સન્દ્-તર, khûnsand-tar. વિ૦ વધારે સંતોષી. Adj. More contented. Comp. Per. خرسندتر

અનુબેદ, anubêd. ક્રિ૦ તે થાયછે. V. It becomes—happens.

અ-વનસ્ત, a-vanast. ક્રિ૦ વિ૦ ખરાબી વગરનું, ગડલું—ખરાબ નહીં તે, નહીં ભેલાયલું, નેક, ખાલેસ, નિર્મલ. Adj. Free from evil; not turbid—bad; unmixed; virtuous; pure; limpid; clear.

ખોસ્ત, khôst. વિ૦ ખાવા લાયક. Adj. Eatable; fit to be eaten.

હુનસ્ત, હુનસ્તે, hûnast, hûnastê. વિ૦ ખાલેસ, નિર્મલ. Adj. Pure; unmixed; clear.

ખુનસ્તી, khûnastî. ના૦ ભાવ૦ ખાલેશી, નિર્મલતા, સ્વચ્છતા. Abst. Subs. Purity; freedom from foreign admixture; clearness.

અગુસ્તે, agûstê. ના૦ ધ્રુજરી. Subs. Trembling, tremor. Comp. Av.

હુનસ્તે, hûnastê. ના૦ ખોદાતાલાનાં નાંમો મધેનું એક નાંમ છે. Subs. One of the names of God.

હુ-સેતોબ, hû-sêtôb. કૃ૦ વિ૦ સારી રીતે આજેજ થયલું. Part. Adj. Thoroughly enfeebled—become helpless. Pâz.

અનુબીદન, anûbîdan. ના૦ બ્રેસ્પતી સેતારો. Subs. The planet Jupiter.

અનોબીદન, anôbîdan. ક્રિ૦ જારી કરવી, વીલાપ કરવો, રડવું. V. To weep; to mourn; to bewail; to cry.

ખુનસ્તન, khûnastan. ક્રિ૦ પઢવું, બોલવું. V. To recite; to read; to learn; to speak.

ખુનેસ્તન, khûnêstan. ક્રિ૦ લડાઈ કરવી; શાંત કરવું; ખુશી કરવું; આસાન કરવું; ભરવું; રેડવું; ખાવું; લખવું. V. To fight; to quarrel; to pacify; to please; to make easy; to fill; to pour; to eat; to write.

ખુનસ્તે, khunastê. ભૂ૦ કૃ૦ મુબારક—આમીન થયલું. Past Part. Become auspicious; turned out to be as desired.

અનોસ્તે, anôstê. See anôst.

અ-વનસ્તે, a-vanastê. વિ૦ ખરાબી વગર. Adj. Free from evil.

હુ-જનદી, hû-jandî. ના૦ ભાવ. નેક—સુખવાસી જીંદગી. Abst. Subs. A virtuous—happy life.

અન્-વીનાક, an-vînâk. વિ૦ નહીં જોનારૂં, આંધળું. Adj. Not seeing; blind.

હુ-વીનશ, hû-vînash. ના૦ રેહેમ—સારી નજર. વિ૦ રેહેમ નજરવાળું. Subs. Mercy; pity; kind regard Adj. Merciful; expressing sympathy.

હુ-વીની, hû-vînî. વિ૦ રેહેમ નજરવાળું, દયાળુ, નમ્રતાવાળું. Adj. Merciful; compassionate; modest; humble.

અન્-વીનશ્ને, an-vînashnê. ના૦ ભાવ૦ છુપું કરવું. Subs. Abst. Concealing.

હુ-ગોબાન-ચ, hû-gôbâna-cha. ના૦ ભાવ૦ સારી રીતે બોલવું—ભણવું. Subs. Abst. Speaking—reciting well. Comp. Pâz.

હુ-વીનીદન, hû-vînîdan. ક્રિ૦ સારી રીતે નેગાહ કરવી—જોવું—તપાસવું. V. To see—view minutely—to inspect—examine thoroughly. Comp. Per. خوب دیدن

અન્-બુન, an-bûn. વિ૦ થડ વગરનું, કબુન્યાદ. Adj. Having no stem or trunk; ignoble; of low origin. Comp. Per. بدبن

હૂ-બુન, hû-bûn. ના૦ સારૂં સેવટ; સારી શરૂઆત. Subs. A good end; a good beginning. Av.

અન્-નયોક, an-nayôk. વિ૦ સારૂં નહીં તે; બુરૂં. Adj. Not good; bad; evil.

અન્-વીને, an-vînê. See an-vînâk.

ખુન્દે, khûndê. વિ૦ ફરતું, કુદરતી. Adj. Revolving; natural.

હીન્દુગાન, hîndûgân. See handû.

હુ-નયોક્શી, hû-nayôkshî. નાo ભાવo સારી રીતે શાંભળવું, તીક્ષણ કાન રાખવા. Subs. Abst. Hearing well; pricking up one's ears.

અ-વન્દે, a-vandê. વિ૦ વગર નેકીનું. Adj. Not virtuous.

ખુન્દક, અન્દક, khûndak, andak. વિ૦ થોડુંક, જરાક. Adj. A little; in a small quantity; somewhat.

ખુ-ન્બે, ખુમ્બે, ખુમ્બ, khûnbê, khûmbê, khûmb. See khûbê. નાo એક દેવીનું નામ છે. Subs. Name of a she-Deva—*Devi*. Av.

જીવન્દે, jîvandê. વિ૦ જીવતું, જીવનારૂં. Adj. Living alive.

અન્-દ્-ચંદ, and-chand. See and-chand. વિ૦ જેટલું જોઈએ તેટલું. ક્રિo અo આએ વખતે, ત્યારે. Adj. Adequate to wants. Adv. At this time; then.

અન્-દ્-ચંદી, and-chandî. ક્રિo અo જ્યાંહાં સુધી કે. Adv. So long as.

અન્દ-ચંદમ, and-chandam. વિ૦ જેટલું મને, એટલું મને. Adj. As much to me; this much to me.

ખનીદ, khanîd. See khanîd.

ખુન્દદ, ખુર્દદ, હર્વદદ, khûn-dad, khûr-dad, harvadad. ના૦ ખોરાક—સુખ આપનાર ફરેશતો, ખોરદાદ અમશાસ્પંદ, ત્રીજા મહીનાંનું નામ; છઠા રોજનું નામ; બુધ સેતારો. Subs. The angel presiding over happiness—food; *Khordâd Amshâspand;* name of the third month of the year; the sixth day of every month; the planet Mercury. Av. = Sans. सर्वताति = Pâz. = Per. خورداد

હુનીદ, hûnîd. ભૂ૦ કૃ૦ ગારેલા—નીચવેલા (હોમ); ભીનું. Past Part. Strained—filtered (*Hom*); moist; wet. Av. = Sans. सुत.

ખુન્દદ્-દાદ khûndad-dâd. ભૂ૦ કૃ૦ વિ૦ ખોરદાદે આપેલું. Past Part. Adj. Given by *Khordâd* (archangel).

ખોએતુ-દસ, ખોએતુ-દદ, ખોએતક્-દસ, khôêtû-das, khôêtû-dad, khôêtak-das. ના૦ સગપણમાં આપવું, સગાંસગાંમાં લગન કરવાં, સીલસીલો, સગાઈ. Subs. Giving in marriage among relations; marriage between members connected by family ties; family connection; relationship. Comp. Av. = Pâz.

આનીદન, ânîdan. ક્રિ૦ તાજુબ કરવું, (કાંઈ ચીજ) શકની રૂએ બોલવું. V. To surprise; to speak (something) in a doubtful manner.

ખુનીદન, khûnîdan. ક્રિ૦ શીંગારવું, તારીફ કરવી, સ્તુતી કરવી. V. To adorn; to praise; to eulogize.

હુનીદન, hûnîdan. ક્રિ૦ કુટવું, છુડવું, નિચવવું. V. To pound; to thrash; to squeeze. Av. Rt.

હુનીદે, hûnîdê. ભૂ૦ કૃ૦ કુટેલું, ગાલેલું. Past Part. Pounded; strained.

હુ-દરાએ, hû-darâê. વિ૦ શારૂ બોલનારૂં; દોઆ કરનારૂં. Adj. Speaking well; wishing happiness to. Av. Rt. = Sans. Rt. सु.

હુ-વીરાએ, hû-vîrâê. વિ૦ સારી તર્કશક્તિ ધરાવનારૂં; સારી પેઠે પારખ કરનારૂં. Adj. Possessing a good reasoning power; discriminating well.

હ-દરખ્ત, handarakht. See handarakht.

હુ-વીરી, hû-vîrî. ના૦ ભાવ૦ અચ્છું શુરાપણું. Abst. Subs. Excellent bravery. Comp. Av. = Sans. सुवीर.

હુ-નગીરશની, hû-nagîrashnî. ના૦ ભાવ૦ નેક નજરે જોવું, પ્યારથી જોવું. Abst. Subs. Seeing with a kind look; looking affectionately.

અવેરશ્ત, avêrasht. ના૦ એક ગુનાહનું નામ. Subs. Name of a crime. Comp. Av.

અનેરી, anêrî. ના૦ ભાવ૦ નાફરમાંની. Abst.

Subs. Disobedience. Av. [illegible] = Sans. अनार्या: = Per. انيري

[illegible] } ખુને-રસ, ખુન-રસ, khûnê-ras, khûna-ras. ના૦ કેશ્વરનું નામ; વચમાંનો મુલક, સુંદર ચલકતી ગાડી. Subs. Name of a *Késhvar* (region); the central region; a beautiful-shining chariot. Av. [illegible] = Per. خونرث

[illegible] અનુએ, anûê. See [illegible] anû.

[illegible] અનુન, anûn. ના૦ ગરોથમાન, સઉથી મ્હોટું બેહેશ્ત. Subs. The most blissful seat of sanctified souls after death; the highest heaven.

[illegible] અવીન, avîn. ક્રિ૦ અ૦ એ મીસાલે. Adv. In this manner.

[illegible] આનો, ખુન, ânô, khûn. See [illegible], [illegible] anô, anôê.

[illegible] હનુન, હનો, hanûn, hanô. ક્રિ૦ અ૦ જ્યારે, ત્યારે, શી તરેહ, એ મીસાલે, કોઈબી રીતે. Adv. When; then; how; in this manner; anyhow.

[illegible] હુ-વન, hu-van. ના૦ સારી સુગંધવાલું ઝાડ. Subs. An odorous tree.

[illegible] અન્-વનાહકી, an-vanâhkî. ના૦ ભાવ૦ બેગુનાહી, નીરપરાધીપણું, નીર્દોષતા. Abst. Subs. Guiltlessness; innocence. Comp. Per. بي گناهي

[illegible] અર્વંદ, arvand. ના૦ એક પહાડનું નામ છે. Subs. Name of a mountain. Comp. Pâz. [illegible]

[illegible] ખનેન્દ, khanênd. ક્રિ૦ ખોધે. V. May dig.

[illegible] હવન્દ, havand. See [illegible] havand.

હોન્વદ, hônvad. ના૦ પેહેલા ગાથાનું નાંમ ; એક બંદગીનું નાંમ. Subs. Name of the first Gâthâ; name of a Prayer. Av. = Pâz.

અનોશ, anôsh. See anôsh.

ખુની, khûnî. વિ૦ લોહીઆર. See khunî. Adj. Bloody; plethoric; full of blood.

ખુનેશ્ને, khunêshnê. ના૦ ભાવ૦ પઢવું, પઢાંણ. Abst. Subs. Reading; reciting; recitation.

અનોશે, anôshê. See anôshê.

અનોશક, anôshak. ના૦ બચ્ચું, બેટો. Subs. A child; a son.

ખુનોશે, khunôshê. ના૦ છોકરૂં ; બચ્ચું. Subs. An issue; an offspring.

અનોશ્ગાન, anôshgân. ના૦ સાંપનાં બચ્ચાં, સેતાબી કરનારા. Subs. The young ones of a serpent; those who hasten.

અનોશ્કીનીનદ, anôshkînînad. ક્રિ૦ અમર્ગે—બેહેશતી થાયછે, અમરગી કરેછે. V. Becomes immortal; becomes a resident of paradise; makes immortal.

અનોશ્કીન્-રદાન, anôshkîn-radân. See anôshkîn-radân.

અનોશ્-કનીનીદન, anôsh-kanînîdan. ક્રિ૦ ભલાઈ કરવી, બેહેશતી—પરહેજગાર થવું. V. To practise goodness—virtue; to be a resident of paradise; to become pious.

અનુ-વસ્પ, હરવેસ્પ, anû-vasp, harvêsp. ક્રિ૦ અ૦ તમામ મુદત, હમેશે. Adv. All the time; always.

હુવીદ, hûvîd. ના૦ બંદગી. Subs. Prayer; worship.

અન્-ઉન, an-ûn. વિ૦ વગર ઝાડનું, ઉજડ, વેરાન. Adj. Treeless; barren; desolate.

હનુન, hanûn. See hanûn, hanô.

હુ-ઉન, hû-ûn. ના૦ સારૂં—દેખાંમણું દરખ્ત—ઝાડ. Subs. A fine—elegant tree.

ખુન્-ઓશે, khûn-ôshê. વિ૦ લોહી પીનારૂં. Adj. Blood-drinking.

ઓનુક, ônûk. ના૦ કલ્લઈ. Subs. Tin. Comp. Av.

ખન્વંદ, khanvand. વિ૦ પ્રકાશતું, ચલકતું. Adj. Shining; glittering. Comp. Av.

ખુન્-વદરગી, khûn-vadargî. ના૦ લોહીનું વેહેવું—ચાલવું. Subs. Flowing—passing of the blood.

અનુ-વરમનશાન, anû-varmanshân. સર્વ૦ તે-ઓનાં, તેઓની માફક. Pron. Theirs, like them.

ખુનક, khûnak. ના૦ સાસુ. Subs. A mother-in-law.

ખુન્ક, khûnk. ના૦ ખુણું. Subs. A corner.

ખુનુક, kh'nûk. વિ૦ તાજુ; સુખી; ભાગ્યશાળી. આનંદી. Adj. Fresh; happy; fortunate; pleasant. Per. خنک

ખુને, khûnê. ના૦ ઘર. Subs. A house. Per. خانه

અનુકી, અનુન્ગી, anûkî, anûngî. નાo ભઠી. Subs. A furnace; an oven.

ખોશ્ક, khôshk. વિo સુકું. Adj. Dry. Av. = Sans. शुष्क = Per. خشک

ખુશ્કી, khûshkî. See khûshkî.

હુ-નગીરશ્ની, હુ-નગ્રશ્ની, hû-nagîrashnî, hû-nagrashnî. See hû-nagirashnî.

અવોકીરશ્ત, અવવરશ્ત, અવોવરશ્ત, avôkîrasht, avavarasht,. avôvarasht. See avâvarasht.

હુનકુસુરગ, hûnkûsûrag. નાo નશતર. Subs. A lancet.

હુ-કેર્દારી, hû-kêrdârî. નાo નેક કાંમ. Subs. A good—virtuous deed. Comp. Per. نیک کردار

અવ્ગંદન, avgandan. ક્રિo નાંખવું, ફેંકવું. V. To throw; to fling; to cast. Comp. Per. افکندن
اوگندن

અવોજ, ઓજ, avôj, ôj. વિo બોલંદ, ચઢતું. Adj. Elevated; exalted; high. Comp. Ar. اوج

અનુ-ચ, anû-cha. સર્વo તેભી. Pron. Even that.

અવોજી, ઓજી, avôjî, ôjî. નાo ભાo બોલંદી, બરતરી, ઉનચાઈ, બુજોરગી, મ્હોટી કીમત. Abst. Subs. Elevation; a higher state—position; attitude; greatness; a high value.

હુ-વજીન, hû-vajîn. વિo બરાબર પસંદ કીધેલું;

ઘણુંજ સરસ. Adj. Well-chosen ; most excellent. Comp. Av. + = Per. گزین

હુ-વજીન્-રોબશ્ની, hû-vajîn-rôbashnî. નાo ભાવo ઉત્તમ ચાલ. Abst. Subs. Most excellent conduct.

હન્જેદ, hanjêd. ક્રિo હીલવે, લટકાવે, લોભાવે; દુ:ખ દે; ખીજવે. V. May shake—move; may hang up; may suspend; may tempt—molest—irritate. Comp. Per. هنجیدن

અન્-વજીદાર, an-vajîdâr. વિo તમીજ નહીં કરનારૂં; ચુંટી નહીં કાઢનારૂં. Adj. Not discriminating—selecting.

હન્જીદાર, hanjîdâr. નાo હીલવનાર, લટકાવનાર. Subs. One who shakes; one who hangs up—suspends.

અનુ-ચ-વર્મન્શાન, anû-cha-varmanshân. સર્વo તેઓને; તેમનેભી. Pron. To them; even to them.

ખુન્ઝા, ખુન્ઝે, ખુન્ઝક, khûnzâ, khûnzê, khûnzak. નાo નામરદ, નપુંસક. Subs. An impotent man; an eunuch; an hermaphrodite. Comp. Ar. خنثى

અનુ-ઝક, anû-zak. સર્વo જે કોઈ. Pron. Whoever.

અરેદ, અર્દ, arêd, ard. નાo પાકી, સફાઈ, સચ્ચાઈ. વિo ખોરાક—અનાજ વગર. Subs. Purity;

cleanliness; uprightness; truthfulness. Adj. Without food—corn.

ખુન્દ, khûnd. ભૂ૦ કૃ૦ પીસેલું, બારીક કીધેલું. Past Part. Ground; reduced to powder.

અરેથશ્તરાન, અર્થશ્તરાન, arêthashtarân, arthashtarân. ના૦ અરદેશરને લગતાં, અરદેશરનું વંશ. Subs. Those connected with *Ardesheer* (by ties of consanguinity); the family of Ardesheer.

હૂદાર, hûdâr. ના૦ બોલંદ—મોહોટો આવાજ, મોહોટે પઢવું, બોલંદ—ખુશ આવાજે પઢવું. Subs. A loud cry; vociferation; reciting loudly; praying in clear (or ringing) pleasing tone.

અનત-વહશ્ત, અરેદ-વહશ્ત, unta-vahasht, arêda-vahasht. ના૦ ખોદાતાલાની એક શક્તીનું નામ, એક ફરેશતાનું—બીજા મહીનાનું—તરીજા રોજનું નામ. Subs. One of the powers of God; name of an archangel; name of the second month of the year; name of the third day of every month. Av. = Per. اردبهشت

ખુન્દન, khûndan. ક્રિ૦ પઢવું. V. To read; to recite; to learn. Per. خواندن

હુનતન, hûnatan. ક્રિ૦ કરવું. V. To do, to perform.

અનુતુનાદ, anûtûnâd. ક્રિ૦ આશીર્વા૦ રાખજો! રાખો! V. Benedic. May keep! may preserve!

અનુતુનીન, anûtûnîn. ક્રિ૦ હું જાણું. V. I may know.

અન્-વદે, an-vadê. વિ૦ ખરાબ નહીં, સારૂં. Adj. Not bad—evil; good.

અ-વન્દે, a-vandê. વિ૦ નહીં મેળવવું—હાંસેલ કરવું. Adj. Not acquiring—gaining. Contrast Av.

ખુન્દે, khûndê. ભૂ૦ કૃ૦ કુટેલું, છુડેલું. Past Part. Pounded; beaten; bruised.

ખુર્દે, khûrdê. ભૂ૦ કૃ૦ બારીક કીધેલું, ભરડેલું, પીસેલું, નાહનું, નીચું, ખાવા લાયક. Past Part. Reduced to powder; ground coarsely; pounded; small; low; eatable. Comp. Per. خرده , خورده

અન્-ઓપ, an-ôp. વિ૦ પાણી વગરનું, કોરડું. Adj. Waterless; not wet; dry. Av.

હુફ, hûf. વિ૦ ખુબ, સારૂં, મઝેહનું. Adj. Fine, good, excellent. Per. خوب

અનુપા, anupâ. ના૦ એક જાતનું વસાણું. Subs. A kind of drug—electuary.

હુપંગહાઉ, hûpanghâu. ના૦ પરસેવો. Subs. Perspiration.

અનુમ, anûm. ક્રિ૦ અ૦ એ રવેશે. વિ૦ નાઉમેદ. Adv. In this manner. Adj. Disappointed; hopeless.

અઉન્મા, અર્નબ, aûnma, arnab. ના૦ સસલો. Subs. A hare.

અનુ-મય, anû-maya. ના૦ માંકકસર કદનું પશુ, મકર રાશી. Subs. A beast of a moderate small size. Capricorn. Av.

અનુમા, anûmâ. સર્વ૦ હમોને. Pron. To us.

ઓન્મા, ônmâ. સર્વ૦ હમો. Pron. We.

અનુ-મય-મસા, anû-maya-masâ. વિ૦ નાંઢલાં કદનાં પશુ જેટલું મોટું, નાઢલાં કદનાં પશુ જેટલી કીમતનું. Adj. As large as a small beast; of the worth of a small beast. Av.

અનુમીનીદે, anûmînîdê. ભૂ૦ કૃ૦ નાઉમેદ—આશાવિનાનું થાયલું. Past Part. Become disappointed—defeated of expectation.

અનુમીનીદન, anumînîdan. ક્રિ૦ નાઉમેદ—નીરાશ—આજેજ થવું. V. To be disappointed—defeated of expectation; to be helpless. Comp. Per. نا امید شدن

અનુમેદ, anûmêd. વિ૦ નાઉમેદ, નિરાશ, આજેજ. Adj. Disappointed; despondent; helpless. Per. ناامید

અનુ-ર, anû-ra. સર્વ૦ મારૂં, મને. Pron. Mine; to me.

અનુર, ઓનર, ખોનર, anûr, ônar, khônar. ના૦ હીમ્મત, શુરાપણું. Subs. Courage; bravery. Pâz.

ખનુર, khanûr. ના૦ ખેતી, ખેતી કરનાર, ખેડુત. Subs. Cultivation; a cultivator; a husbandman.

હુ-વર, hû-var. ના૦ સારી મોરાદ—ઇચ્છા—ખાહેશ. વિ૦ સારી છાતીવાળું, હિમ્મતવાન. Subs. A good intention—wish—desire. Adj. Having a fine breast; courageous.

TIC SOCIETY

હુલ, hûl. વિ० ઉંચુ. Adj. High, elevated.

હોનર, hônar. ના० હીકમત, હુનર, વિદ્યા, કળા. Subs. Skill; art; learning; scheme; plan. Av. = Per. هنر

હુન્‌વર, hûn-var. ના० સાહેબની મોરાદ—ઈચ્છા, ખોદાઈ ઈચ્છા, એક બંદગીનું નામ છે, એકવીસે નુસ્કનું, એકઠું નામ. Subs. Lord's desire—will; the Divine will; name of a prayer; the collective name of 21 Nosks. Av.

હોનરાન, hônarân. See hônar.

હોનરાવંદ, hônarâvand. વિ० હુનરમંદ, હીકમતી, સદગુણી, ખુબીવાન. Adj. Skilful; ingenious; good-natured; possessing merit. Av. = Per. هنرمند

હુનરોવંદી, hûnarô-vandî. ના० હુનરમંદી. Subs. Skilfulness.

હોનરાન્‌વેશ, hônarân-vêsh. ના० ભાવ० હુનરનું પુશ્કલપણું, ઘણી હીકમત. Subs. Abst. Abundance of skill; a good deal of contrivance—ingenuity.

હોનર્‌ઓમંદ, hônar-ômand. See hônarâvand.

હોનર્‌ઓમંદી, hônar-ômandî. ના० ભાવ० હુનરવાળું થવું. Abst. Subs. Becoming skilful.

ખુનરી, khûnari. વિ० હીંમતવાન. Adj. Courageous.

હોનરી, hônarî. વિ૦ હુનર—હીકમતવાળો. Adj. Skilful; ingenious.

અવોરશ્ત, avôrasht. See , avâvarasht.

હુ-વરશ્ત, hû-varasht. ના૦ નેક કામ; સારી કરણી. Subs. A virtuous action; a good deed. Av. = Per. هورشت

ખુનરસ, khûnaras. See khûnêras. khûnaras.

હુનજ્યા, hûnajyâ. ના૦ કાણ. Subs. An ear.

ખુનરસ્-બામી, khûnaras-bâmî. ના૦ ચલકાટમંદ-દોલતમંદ "ખનીરથ." Subs. The bright—wealthy *Khanîrath* (region). Av.

ખુનરસ્-વેહ્-બામી, khûnaras-vêh-bâmî. ના૦ ભલું ચલકાટમંદ ખનીરથ. Subs. The good and bright *Khanîrath*.

અવોર્ના, અબોર્નાએ, avôrnâ. avôrnâê. વિ૦ નોજવાન, જુવાનીની ઉમરમાં આવેલું. Adj. Quite young; arrived at the age of youthfulness. Av.

અ-વોર્ના, a-vôrnâ. વિ૦ જવાનીમાં નહીં આવેલું તે. Adj. Underage; not youthful. Contrast Per. برنا

અઉરંગ, aûrang. ના० તખત, તાજ, કીર્તિ; આબરૂ, ડહાપણ, ગોઠવણ. Subs. A throne; crown; glory; honour; wisdom; arrangement. Per. اورنگ

હોનર્-કેર્દારી, hônar-kêrdârî. ના० ભાવ० હુન્નર હાંસેલ કરવો. Abst. Subs. Acquiring skill —art.

હુ-વર્જ, hû-varj. ના० સારાં કાંમો કરનાર. Subs. One who performs good—virtuous actions. Comp. Av.

અન્ વર્દન, an-vardan. ક્રિ० નહીં કરવું. V. Not to turn.

આવોર્દન, âvôrdan. ક્રિ० લાવવું. V. To bring. Av. Rt. + = Sans. आ + भृ = Per. آوردن

ખુર્મા, khurmâ. ના० ખજુર. Subs. Dates. Per. خرما

હોનર-માદીગાન, hônar-mâdîgân. ના० હુન્નરને લગતી બાબત. વિ० સારા ગુણ ધરાવતું; સરસ. Subs. A subject pertaining to some art—contrivance. Adj. Plur. Endowed with good qualities; excellent.

ખનક, khanak. ના० કાબરચિત્રા રંગનો ઘોડો. Subs. A grey horse.

ખુક, ખુગ, khûk, khûg. ના० ડુક્કર, ભુંડ. Subs. A hog; a boar. Per. خوک

ખુહ, khûh. ના૦ ખાશીઅત, ચાહ. Subs. Characteristic, affection. Per. خو , خوي

ખોહ, khôh. ના૦ બેહેન. Subs. A sister. Comp. Pâz.

ખોહ, khôh. ના૦ એક જાતનું જંગલી ઘાંસ કે જે ઘઉંને ઉગતાં અટકાવેછે ; એક જાતનો વેલો ; ગુંગલાવવું. Subs. A kind of weed (or wild grass) which hinders the growth of wheat; a creeper; ivy; suffocation. Comp. Per. خوه , خو

હુક, hûk. ના૦ ગુમડું. .Subs. A boil.

અનકા, ankâ. ના૦ શીમોરગ ; એક જાતનું કલ્પીત પક્ષી. Subs. An ostrich; a fabulous bird. Comp. Ar. عنقا

અન્‌-હયાફે, an-hayâfê. ના૦ ખોદાતાલાનાં નાંમો મધેનું એક નાંમ છે કે જેની શકતી જેવી કોઈ બીજાની નહીં. Subs. One of the names of God; the Omnipotent.

અન્‌-કાન, an-kân. ના૦ નહીં ખોડવું. Subs. Not digging.

અ-નેગાન, a-nêgân. વિ૦ છુપું નહીં તે, જાહેર. Adj. Not concealed—secret; open; evident. Contrast Per. نهان

અનગાર, angâr. ના૦ ખયાલ, વિચાર, ધારણા. Subs. Idea; thought; intention. Per. انگار

ઓકાર, ôkâr. ના૦ ખેતી કરનાર, બાગબાન, ખેડુત. Subs. A cultivator; a gardener; a husbandman.

હુ-કાર, hû-kâr. નાo શુભ કામ. Subs. A good work—business.

હોકાર, hôkâr. નાo ઓટ. Subs. Ebb.

અંગારીહેદ, angârîhêd. ક્રિo શીંગાર કરે. V. May adorn—embellish.

અન્-કારી, an-kârî. વિo વગર કામનું, નકામું. Adj. Useless; worthless. Comp. Per. نا کار

અન્ગાર્દન, angârdan. ક્રિo શીંગારવું; ગણવું, વમાસવું, ખયાલ કરવો. V. To adorn; to count; to meditate upon; to consider. Per. انگاردن

અવે-કાર્દન, avê-kârdan. ક્રિo દુર—નકામુ કરવું. V. To remove; to render useless.

અન્કદ, ankad. વિo તવંગર, પઈસાદાર, સખ્ત, મૂર્ખ. Adj. Rich; wealthy; hard; foolish. Comp. Ar. عنكد

ખુકી, khûkî. નાo ખુશકી, જમીન. Subs. Dry land; land.

ખોહી, khôhî. નાo ખસલત. વિo ચાહનારૂં. Subs. Characteristic. Adj. Loving.

હન્ગી, hangî. નાo ભાવo સાચવટ, રાસ્તી. Abst. Subs. Truth; truthfulness.

અન્કદાન, ankâdân. નાo લોભી માનસો. Subs. Avaricious persons. Comp. Ar. انكد

અન્કદાન, ankâdân. નાo આદમીની સુરતનો દેવ; જે માનસની ચાલચલણ તથા કામો દેવના જેવાં હોય;

જાનવરી ખસલતનું આદમી. Subs. An anthropomorphous *Deva;* the man whose manners and ways of action resemble those of the *Deva;* the man with the instincts of the brute.

અનકશતુ, ankashtû. ના૦ એક જાતનો ખોરાક. Subs. A kind of food.

ખુકી, khûkî. See khûkî.

ખોહી, khôhî. ના૦ ખાસીઅત. વિ૦ ખાસીઅતને લગતું. Subs. Characteristic. Adj. Pertaining to one's innate quality.

અનકદી, ankadî. ના૦ ભા૦ તવંગરી. Abst. Subs. Richness; state of being rich.

અન-કીનીદે, an-kînîdê. કૃ૦ વિ૦ કીનો નહીં લીધેલો. Past Part. Unrevenged.*

ખુકી, khûkî. See khûkî.

અનકેઝવા, ankêzvâ. ના૦ ગોસ્પંદોને રેહેવાની જગો; ગાય ઢોરને રાખવાની જગા. Subs. A pen or enclosure for sheep; a cattle-pen.

અનકેઝદ, ankêzad. ના૦ હીંગ. Subs. Assafœtida. Comp. Per. انگزد

હુકેરેદ, hûkêrêd. ના૦ અગર. Subs. Aloe-wood. Comp. Av. , Pehl.

અ-નગીરીદે, a-nagîrîdê. See a-nagrîdê.

ખોએ, khôê. ના૦ આદત, ખાસીઅત, ખવાસ, ચાલચલણ. Subs. Habit; characteristic; nature; behaviour. Comp. Per. خو, خوي

હુકોદ, hûkôd. See hûkêrêd.

હુકંદ, hûkand. ઉભયા૦ અ૦ એકબારગી, અગરજો. Conj. From one point of view; even; if.

અનકુદાન, ankûdân. See ankadân.

હુકુસીઉર, હુકુસુરોગ, hûkûsîûr, hûkûsûrôg. See hûkûsûrôg.

હુ-કુન, hû-kûn. ના૦ સારૂં કરનાર. ક્રિ૦ આજ્ઞા૦ સારૂં કર. Subs. One who does good (to others). V. Imper. Do good.

હુ-ગુન, hû-gûn. વિ૦ સારી તરાહ—રીતનું; સારા રંગનું. Adj. Of good sort—fashion; having a fine colour. Comp. Av.

હંગુન, hangûn. See hangûn.

હુ-કુનશ્ન, hû-kûnashna. ના૦ નેક કામ—કરતુક. Subs. A good deed—action.

હુકુનશ્ની, hû-kûnashnî. ના૦ સારાં કરતુક—કામ કરનાર. Subs. One who practises good—virtuous actions. Pâz.

હુ-કુન્-તુમ, hû-kûn-tûm. વિ૦ સરવેથી સરસ કરનાર. Adj. Doing the best work.

હુ-કર્દ, hû-kard. ભૂ૦ કૃ૦ નેક કીધેલું. Past Part. Well—rightly done; acted virtuously.

હુ-કેર્દારી, hû-kêrdâri. ના૦ ભાવ૦ નેક કામ કરવું. Abst. Subs. Doing a virtuous deed. Comp. Per. خوب کرداري

હુ-કર્દે, hû-kardê. ના૦ નેક કામ. ભૂ૦ કૃ૦ સારૂં—ઘટતી રીતે કીધેલું. Subs. A good—virtuous action.

Past Part. Well done; properly achieved. Av. , Sans. **सुकृत.**

અંકુતન, ankûtan. નાo પહાડી ગાય, જંગલી ગાય. Subs. A mountain cow; a wild cow.

આં-કનદન, ân-kandan. ક્રિo પુરૂં કરવું, ભરવું. V. To fill; to fill up; to replenish. Comp. Per. آگندن

હુ-કરદન, hû-kardan. ક્રિo સારૂં—શુભ—શોભઈતું કરવું. V. To do well; to make elegant. Per. خوب کردن

હુકોર, સુકોર, hûkôr, sûkôr. નાo આંધળો કુતરો, પાંચ સાત દાહડાનો કુતરો. Subs. A blind dog; a dog five or seven days old. Comp. Av.

હુવરેશ્ત, hûvarêsht. See avîkîrasht.

અનકદ, ankad. See ankad.

હુ-પેદ, hû-pêd. નાo સારો—નેક બાપ. Subs. A good—virtuous father. Comp. Av. + = Sans. **सुपिता.**

હુ-ફરાશમોક, hû-farâshmôk. નાo પેહેલી અરધી રાત. Subs. The first half night. Comp. Av.

અનગર, angar. See angar. Av.

હુકર, hûkar. નાo અલબુરજ પાહાડની એક ટોંચનું નામ છે જેમાંથી અરદ્વીસૂર વેહે છે. Subs. Name of a peak of Mount Alborz from which the River *Ardwisûr* flows. Av.

હુકર, hûkar. નાo કેળવાયલો કુતરો, કાળા કાનનો સગ. Subs. A trained dog; a dog with black ears.

ઓક્રા, ôkrâ. નાo રાંધવાનાં ચોખા. Subs. Table rice.

અ-નગ્રશ્ને, a-nagrashnê. See a-nagarashnê.

હંકરશ્ને, hankarashnê. નાo ભાવo વિચાર. Abst. Subs. Thought, consideration. Comp. Per. انگرش

અનક્લ્યુન, ankalyûn. નાo બાઈબલ; ખ્રીસ્તી લોકોની ધર્મપોથી. Subs. The Bible; the sacred book of the Christians.

ઓહરબરશ્ત, ઓરૂબરશ્ત, ôharbarasht, ôru-barasht. નાo ઉત્તર તરફ આવેલા એક મુલુકનું નામ છે કે જે 'વોઉરૂજરશ્ત' નામના મુલુકથી વચમાં પહાડ આવવાને લીધે છુટો પડેલો છે (પ્રોફેસર જુસ્તી); ખનીરથ બામીની વાવ્ય દીશાએ આવેલા મુલુકનું નામ. Subs. Name of a region situated to the north, and separated from *Vourujarasht* by a mountain (Prof. Justi); name of a region situated to the north-west of *Khaniratha*. Av.

ઓહરજરશ્ત, ઓરૂજરશ્ત, ôharjarasht, ôrû-jarasht. નાo ઉત્તર તરફ આવેલા એક મુલુકનું નામ (પ્રોફેસર જુસ્તી); ખનીરથની ઈશાનકુને આવેલા એક કેશ્વરનું નામ. Subs. Name of a region situated to the north (Prof. Justi); name of a *keshvar* situated to the north-east of *Khaniratha.*

[Avestan] | હુકરદ, હુકરદે, hûkard, hûkardê. નાo કપુર. Subs. Camphor.

[Avestan] હુ-કેર્દારી, hû-kêrdârî. See [Avestan] hûkêr-dârî.

[Avestan] અન્-કરદી, an-kardî. નાo સરદાર, સવાર. વિo દાનાવ, કાબેલ, પુરવીણ. Subs. A chief; a leader; a rider; a cavalier. Adj. Sensible; accomplished; proficient.

[Avestan] હુ-કરદન, hû-kardan. ક્રિo સારૂ—ઘટતું કરવું. V. To do good; to perform what is proper. Comp. Av. [Avestan]+[Avestan]=Sans. सु+कृ=Per. خوب کردن

[Avestan] હુ-કરફ, hû-karaf. નાo નેક—સારી જાત, સારૂ—શોભઈતું બદન. Subs. A good—virtuous nature; a good—elegant body. Comp. Av. [Avestan], [Avestan], Sans. सु + कल्प.

[Avestan] હુ-કરફ્-તુમ, hû-karaf-tûm. Adj. Superl. Of which see [Avestan] hû-karaf. Comp. Av. [Avestan]

[Avestan]

[Avestan] અન-ઘર, anghar. See [Avestan] angar. Av. [Avestan]

[Avestan] અન-જ, anj. નાo ખીલી નીકલેલો ચેહેરો—દેખાવ; જાહેર ખોલ્લો દેખાવ. Subs. A blooming face—feature; outward appearance.

[Avestan] અવચ, avach. ક્રિo કહ્યું, બોલ્યો. V. He or she said—spoke.

𐬀𐬬𐬀𐬗 અ-વચ, a-vach. વિ૦ સખુન—વાચાવિનાનું. Adj. Speechless; deprived of the power of speech. Av. 𐬀𐬬𐬀𐬗𐬀𐬵𐬌𐬱

𐬀𐬬𐬀𐬘 અવજ, avaj. ના૦ બુજોરગી; કૌવત, જોર, શક્તી; હવા. વિ૦ ઘણુંજ મોટું—બુલંદ. Subs. Eminence; strength; power; air; climate. Adj. Very large—exalted. Comp. Av. 𐬀𐬊𐬘𐬀𐬵 = Sans. ओजस् = Pâz. 𐬋𐬘

𐬎𐬘 ઊજ, ûj. વિ૦ શેતાબ; જહડપવાળું. Adj. Swift; rapid; fast.

𐬀𐬘 ઓજ, ôj. ના૦ ભાવ૦ મોટાઈ, બુલંદી, તવાંનાઈ; દબદબો; ચઢતો દરજ્જો, તવંગરી; ઉંચાઈ; કુદવું. ક્રિ૦ અ૦ બુલંદીથી; ઉપરથી. શબ્દ૦ અ૦ વિના, વતરેગે. Abst. Subs. Greatness; eminence; power; pomp; exalted dignity; richness; exaltation; jumping. Adv. With exaltation—sublimity; from above. Prep. Except; exclusive of. Comp. Av. 𐬎𐬯, 𐬎𐬰 = Sans. उद्, उत्, उऱ्.

𐬑𐬎𐬘𐬀 ખુજએ, khujâê. ના૦ ચીતાર, નકશ, ચીત્રામણ. Subs. Painting; picture; drawing the outline.

𐬀𐬥𐬀𐬗𐬀𐬯𐬙 અન્-ચાસ્ત, an-châst. વિ૦ અજ્ઞાની, નાવાકેફ, બે-ખબર. Adj. Ignorant; unacquâinted; inexperienced; uninformed.

ઓંજ્-હેદ, ઓજ્-હસ્ત, ઓજ્-અઈત, ôj-hêd, ôj-hast, ôj-ait. ક્રિ૦ ઉપર ચડે, બુલંદીએ જાય; જોરાવર થાય; ઉપર ચડેછે. V. May rise up; may be exalted; may become powerful.

ઓજ્-આએદ, ôj-âêd. ક્રિ૦ ઉપર આવે; જોર આવે. V. May come up—high; may get strength.

હીજાન, hîjân. ના૦ જુલમ, જોર, જાસ્તી. Subs. Tyranny; force; compulsion.

અંજામ, anjâm. ના૦ સેવટ, છેડો, આખેરી, ખોદા-તાલાના નાંમોમાનું એક નામ. Subs. End; conclusion; termination; one of the names of God. Comp. Per. انجام

ઓજ્-ઓમંદ, ôj-ômand. વિ૦ કૌવતમંદ; બુજોરગીવાળું; બુલંદીવાળું; ઉપર ચઢનારૂં; જોરરાખનારૂં; બલવાન, બુજોરગ. ના૦ પાદશાહ ગુશતાસ્પનો ખેતાબ. Adj. Strong; exalted; eminent; rising on high; possessing strength; powerful. Subs. Surname of King Gushtâsp. Comp. Av.

ઓજ્-ઓમન્દી, ôj-ômandî. See above.

ઓજ્-ઓમન્દીહા-તુમ, ôj-ômandihâ-tûm. ક્રિ૦ અ૦ અતીશય જોર—કૌવતથી, અતીશય મજબુતાઈથી. Adv. Most powerfully—mightily; most firmly.

ઓજ્-ઓમન્દ્-તુમ, ôj-ômand-tûm. વિ૦ સુર-

વેથી વધારે કૌવતમંદ, અતીશય જોરાવર. Adj. Superl. Most powerful—strong.

𐬀𐬊𐬘𐬋𐬨𐬀𐬥𐬛𐬙𐬀𐬭𐬀 ઓજ્-ઓમન્દ્-તર, ôj-ômand-tar. વિ૰ વધારે કઉવતમંદ—બલવાન. Adj. Compar. More powerful; stronger.

𐬀𐬊𐬘𐬋𐬨𐬀𐬥𐬛𐬙𐬀𐬭𐬌 ઓજ્-ઓમન્દ્-તરી, ôj-ômand-tarî. See 𐬀𐬊𐬘𐬋𐬨𐬀𐬥𐬛𐬙𐬀𐬭𐬀 ôj-ômand-tar.

𐬀𐬊𐬘𐬀𐬟𐬱𐬎𐬥 ઓજ્-અફ્શુન, ôj-afshûn. ના૰ મજબુત—અસરકારક મંત્ર—નીરંગ. Subs. Powerful charm; efficacious spell—talisman.

𐬀𐬊𐬘𐬀𐬎𐬎𐬱𐬎𐬥 ઓજ્-અવ્શુન, ôj-avshûn. ક્રિ૰ આજ્ઞા૰ ઉંચે—ઉપર છાંટ. V. Imper. Sprinkle over—on high.

𐬀𐬊𐬘𐬁𐬎𐬎𐬀𐬱𐬥𐬈 ઓજ્-આવશ્ને, ôj-âvashnê. વિ૰ ઠલુથવું, ઉગવું, ખીલવું, વધવું. Adj. Rising; appearing above the horizon; blooming; growing.

𐬀𐬊𐬘𐬁𐬎𐬎𐬀𐬱𐬥𐬈 ઓજાવશ્ને, ôjâvashnê. ના૰ કૌવતમંદ નુર—પ્રતાપ. Subs. Powerful brightness—lustre.

𐬀𐬊𐬘𐬀𐬎𐬎𐬀𐬭 } ઓજ્-અવર, ઓજ્-મદમ, ôj-avar, ôj-madam.
𐬀𐬊𐬘𐬨𐬀𐬛𐬀𐬨 } ના૰ ઘણુંજ ચઢતે દરજ્જેનું—કૌવત, ઘણીજ શક્તિ. Subs. Power of the highest order; greatest strength.

𐬀𐬊𐬘𐬀𐬟𐬭𐬁 ઓજ્-અફ્રા, ôj-afrâ. ના૰ આશીર્વાદાર્થક—વખાણવાયોગ્ય કૌવત—જોર. Subs. Praiseworthy strength; power—force deserving of applause—benediction.

હ-જદ, hanjâd. ક્રિ૦ માર્યું, ખેંચ્યું. V. Struck; beat; pulled.

અ-જામ, anjâm. ના૦ સેવટ; છેડો. Subs. End; conclusion.

અ-જામી, anjâmî. વિ૦ સેવટ આવતું; છેડો આવતો. Adj. Ending; concluding.

અ-જામીહેદ, anjâmîhêd. ક્રિ૦ આખેરી પોંહોંચે છે, સેવટ આવેછે; પુરૂં થાયછે. V. Draws to an end; terminates; completes. Comp. Per. انجامیدن

અ-જામશ્ન, અ-જામશ્ને, anjâmashna, anjâmashnê. See anjâmî.

અ-જામીઆન, anjâmîân. ના૦ પુરૂં કરનારા, સેવટ લાવનારા. Subs. Plur. Those that accomplish —finish.

અ-જાંમીનેદ, anjâmînêd. ક્રિ૦ સરંજામ પોંહચાડે, સેવટ લાવે. V. May accomplish; may bring to an end—close.

ઓજ-આમુજદ, ôj-âmûzad. ક્રિ૦ ચઢતી કેલવણી લે—શીખે. V. May receive higher education—training.

અન્-ચાર, an-châr. વિ૦ નાચાર, આશ્રા રહિત, ઈલાજ વિનાનું. Adj. Helpless; destitute of support—means. Comp. Per. بیچاره

અન્-જાર, anjâr. નાo રાહ, રવેશ, રીતી, તરીકો. Subs. Way; mode; manner; practice.

ઓજાર, ôjâr. વિo બુઝોર્ગ, બુલંદ, ઉંચું. Adj. Noble; exalted; grand.

હુ-ચાર, hû-châr. નાo ઘટતો ઈલાજ—ઉપાય; સારો આશરો. Subs. A proper remedy—means; good support.

અન્-ચારે, an-chârê. See an-châr.

અ-નેજારે, a-nêjârê. વિo નાતવાની—દુર્બલતા વિનાનું. Adj. Free from weakness—debility. Contrast Per. نزار

હુ-ચારેહ, hû-chârêh. વિo સારા ઉપાય—ઈલાજવાળું; સેહેલ. Adj. Possessing good remedies—means; easy.

હુ-ચેહેરે, hû-chêhêrêh. વિo સારા ચેહરાનું, ખુબસુરત દેખાવનું; દેખામણું. Adj. Having comely features; beautiful; elegant. Comp. Av.

અન્-ચારે-ચ, an-chârê-cha. ક્રિo અo તે કારણસર; તે સબબને લીધે. Adv. For that reason; on that account.

અ-વજાર્દન, a-vajârdan. ક્રિo નહીં ગુજારવું; નહીં આપવું; નહીં કરવું; રાજી નહીં કરવું. V. Not to pass—pay—perform—satisfy. Comp. Per. ناگذاردن

ઓજી, ôjî. વિ૦ કૌવતવાળું; આગલ વધનારૂં, દબદબાવાળું. ના૦ બુલંદી, મ્હોટાઈ, કૌવત. Adj. Strong; making progress; pompous. Subs. Eminence; greatness; strength.

ઓજીહા, ôjîhâ. ક્રિ૦ અ૦ મજબુતાઈથી; કૌવતપણાથી. Adv. Strongly; powerfully; by main force.

ઓજ્-દેહેશ્ને, ôj-dêhêshnê. ના૦ ભાવ૦ કૌવત આપવું, શક્તિવાંન થવું. Abst. Subs. Giving strength; becoming powerful.

ઓજ્-દેહીગી, ôj-dêhîgî. ના૦ મુર્તીપુજા, બુટપરસ્તી. Subs. Idol-worship; idolatry.

ઓજ્શીદ, ôjshîd. ક્રિ૦ પોંહચશે; આવશે; મલશે. V. Will reach—come—meet.

ઓજીહેદ, ôjîhêd. ક્રિ૦ બુલંદી આપે; ખાહેશ કરે; ઈચ્છે; બાહેર નીકલે. V. May elevate; may desire—wish; may come out.

ઓજશ્ન, ôjashna. ના૦ ભાવ૦ ખોડવું, ચાલવું. Abst. Subs. Digging; moving; walking.

ઓજશ્ની, ôjashnî. ના૦ ભાવ૦ ચઢવું, બુલંદીએ જવું, ઉંચી પંકતીએ પુગવું. Abst. Subs. Rising; soaring on high; gaining an exalted dignity.

ઓજશ્ની-તુમ, ôjashnî-tûm. વિ૦ સર્વેથી શ્રેષ્ઠ પંકતી વાળું—ચઢતે દરજ્જેનું. Adj. Superl. Enjoying the most exalted dignity; most distinguished—elevated.

ઓજશ્ને, ôjashnê. See ôj.

ઓજશ્ને-મંદ્-તર, ôjashnê-mand-tar. વિ૦ વધારે કૌવતમંદ. ના૦ નસાસાલાર. Adj. Compar. More powerful—strong. Subs. *Nasâsâlâr* (a corpse-bearer).

ઓજ્-શમ, ôj-sham. ના૦ મોટું—સારૂં નામ. Subs. An exalted—great name.

હુ-ચશ્મ, hû-chashma. ના૦ સારી આંખ; મેહેરબાંની ભરેલી નજર; દોસ્ત, મજબુત દૃષ્ટી. Subs. A good eye-sight, (*lit.*); a kind regard; a friend; a powerful sight. Comp. Av. = Sans. सुचक्षुस्.

હુ-ચશ્મી, hû-chashmî. વિ૦ સારી નજરવાળું; દયાળુ, મેહેરબાંન; સારી દયાનતદારીવાળું, પોતાની મોરાદ મુજેબનું. Adj. Having a good eye-sight (*lit.*); merciful; kind; conscientious; according to one's desire.

હુ-ચશ્મીહા, hû-chashmîhâ. ક્રિ૦ અ૦ સારી—નેક નજરથી, માયાળુપણે, રેહમદીલથી, મીત્રતાઈપણે; રૂડી દૃષ્ટિએ—નેત્રથી. Adv. With a kind eye, mercifully, favourably, propitiously, indulgently.

અન્-ચીર, an-chîr. વિ૦ ફાવવા વિનાનું, નાગાલેબ, ફતેહમંદી—મજબુતી વિનાનું; હારી જતું, નીરાશ. Adj. Not succeeding; not prevailing over; not victorious—stable. Contrast Pér. چیره

હુ-ચીર, hû-chîr. વિ૦ સારી ગાલેબીવાળું; પુરતી

રીતે ફાવનારૂં. Adj. Succeeding well; gaining the advantage—victory fully..

હુ-ચેહેર, hû-chêhêr. See hû-chêhêrê.

હુ-ચીહ્રી, hû-chîhrî. See hû-chîr.

હુ-ચેહેરી, hû-chêhêrî. ના૦ ભાવ૦ સારો દેખાવ —દૃષ્ટિ. Abst. Subs. A good sight—look—aspect.

હુ-ચીરીહા-તુમ, hû-chîrîhâ-tûm. ક્રિ૦ અ૦ અતિશય ગાલેબીપણાથી. Adv. Overpowering in the highest degree.

હુ-ચીર્-તર, hû-chîr-tar. વિ૦ વધારે સારી રીતે ફાવનારૂં—ગાલેબ થનારૂં. Adj. Compar. Prevailing over in a better way.

ઓજે-શતુનતન, ôjê-shatûnatan. ક્રિ૦ ભપકાથી ચાલવું. V. To walk pompously.

ઓજ્-દેસ, ôj-dês. ના૦ મુર્તી, બુતપરસ્તી, ખોડી—ખણી કાઢવું; ઉખેડી કાઢવું. Subs. An idol; idolatry; digging out; plucking up. Comp. Av. = Pâz.

ઓજ્દેસ્ત, ôjdêst. See above. Av. ,

ઓજ્દેસ્તાન, ôjdêstân. ના૦ મુર્તી રાખવાની જગા. બુતખાનું, દેહરૂં. Subs. An idol temple; a Hindoo temple.

ઓજીસ્તાન, ôjîstân. ના૦ પુતળું; મુર્તિ. Subs. An image, an idol.

હુચીસ્તાન, hûchîstân. ના૦ એક શેહેરનું નામ છે. Subs. Name of a city.

ઓજ્-દેસ્તાર, ôj-dêstâr. See ôjdêstân.

ઓજ્દેસ્પરસ્તગી, ôjdêsparastagî. ના૦ ભાવ૦ મુર્તિપુંજા. Abst. Subs. Idolatry; idol-worship. Pâz.

અન્-ચીગુન, an-chîgûn. ક્રિ૦ અ૦ તે માફક નહીં; ત્યારે નહીં. Adv. Not in that manner; not then.

ઓજીનાક, ôjînâk. વિ૦ બળવાન, કૌવતમંદ, જોરાવર. Adj. Powerful; strong; vigorous.

ઓજીનદ, ôjînad. ક્રિ૦ વાગેછે; વેહેછે. V. Strikes upon; beats; flows.

ઓજીનેદ, ઓજીનીદે, ôjînêd, ôjînîdê. ભૂ૦ કૃ૦ ફાવેલું, સરસાઈ પામેલું, બળવાન થયલું. Past Part. Succeeded; gained superiority; become powerful.

ઓજીનગરીહા, ôjîngarîhâ. ક્રિ૦ અ૦ પસંદ કરવા જોગ રીતે. Adv. Agreeably.

અ-વજીન, a-vajîn. વિ૦ નાપસંદ, નહીં ગમતું. Adj. Disagreeable; unpleasant; distasteful. Contrast Per. گزین

ઓજીનન્દ, ôjînand. ક્રિ૦ ચઢે, ઉભા રેહે. V. May ascend—stand.

ઓજ્-દુક, ôj-dûk. ના૦ બુલંદ—ઉંચી જાતની ખુશી—મજાહ. Subs. Enjoyment—pleasure of a high order.

ઓજીને, ôjînê. વિ૦ માન—આબરૂવાળું; બુજોર્ગ, પ્રવીણ; પ્રખ્યાત. Adj. Respectable; honourable; noble; exalted; erudite; well-knowing; famous.

હુજીને, hûjînê. ના૦ પુસ્તક, ચોપડી. વિ૦ ફાયદાકારક. Subs. A book, a volume. Adj. Advantageous.

ઓજીન્ગી, ôjîngî. ના૦ ભાવ૦ ફાયદો—નફો મેળવવો. Abst. Subs. Acquiring profit; gaining advantage.

અવ્જેદ, avjêd. વિ૦ અણદીઠ, છુપું, ખાનગી. Adj. Invisible; secret; private.

અ-વજેદ, a-vajêd. ક્રિ૦ નહીં વેહે—ચાલે. V. May not flow—walk—move.

ઓજેદ, ôjêd. ક્રિ૦ ઉગે, વધે, ચઢે, ઉઠે, વેહે, હીલે, બુલંદ થાય. વિ૦ દુર, આંઘું, મુબારક. V. May rise—grow—ascend—flow—move; may be exalted. Adj. Distant; remote; propitious.

ખોજેદ, khôjêd. ક્રિ૦ મેહનત—ઉદ્યોગ કરે. V. May work—may be industrious—busy.

હેંજદ, henjêd. ક્રિ૦ છોડે, સીંપે, નાંખે; સુકવી નાંખે. V. May forsake; may sprinkle—pour; may dry. Av. = Sans. सिंचति.

ઓજીદાર, ôjîdâr. વિ૦ બુલંદી—દરજ્જો રાખનારૂં, કોવતદાર. Adj. Enjoying greatness—dignity; strong; powerful.

અ-વજીદારાન, a-vajîdârân. વિ૦ નહીં ઉડ-નારાં, નહીં ચુંટનારાં, નહીં એખ્તીઆર—હાંસેલ કરનારાં, નહીં દુર કરનારાં. Adj. Not flying; not selecting—choosing—acquiring; not avoiding.

ઓજી-દારાન, ôjî-dârân. Subs. Plur. See ôjîdâr.

ઓજીદ્-બોદ, ôjîd-bôd. ના૦ ઉંચી બુદ્ધિ; શ્રેષ્ઠ અક્કલ—મનશક્તિ. Subs. Great intelligence; superior sense—intellectual power.

ઓજીદે, ôjîdê. ભૂ૦ કૃ૦ ચુંટી કહાડેલું, પસંદ કીધેલું, ચુનંદું. Past Part. Chosen; selected; approved of; most excellent.

અ-ઉજીદન, a-ujîdan. ક્રિ૦ પસંદ નહીં કરવું; ખાહેશ નહીં કરવી. વિ૦ પસંદ નહીં કરનારૂં. V. Not to choose—desire. Adj. Not choosing.

અન્ચીદન, anchîdan. ક્રિ૦ આધીન—તાબે થવું; કોઈનાં કહ્યામાં રહેવું, જવું, વલવું, આવવું. V. To become obedient—submissive; to comply with the instructions of a person.

અ-ન્જીદન, anjîdan. ક્રિ૦ હજામત કરવી; ટુકડે ટુકડા કરવા; બાહેર ખેંચવું; ખાવું; ખીજવવું; નાશ કરવો; જખમ કરવો. V. To shave; to break in small pieces; to pull out; to eat; to vex; to destroy; to wound. Comp. Per. انجیدن ، انجیدن

ઓજીદન, ôjîdan. ક્રિ૦ બુલંદ—ચઢતે દરજ્જેનું—બુજોર્ગ રેહવું—કરવું; ચઢવું. V. To be exalted—elevated; to make (a person) exalted—ennobled.

હ-ન્જીદન, hanjîdan. ક્રિ૦ બાહેર ખેંચી કાઢવું. V. To pull out forcibly. Comp. Av. Rt. Per. آهنجیدن

હે-ન્જીદન, henjîdan. ક્રિ૦ સીપવું; કુવામાંથી પાણી કાઢવું; છુટુ મુકવું. V. To sprinkle; to draw water from a well; to let loose or free.

અ-વજીદે, a-vajîdê. વિ૦ અવિવેકી, દુર્ગુણી, અનીતિવાન. Adj. Indiscriminating; vicious; immoral.

ઓજીદે, ôjîdê. See ôjîdê. ભૂ૦ કૃ૦ ઉંચે ચઢેલું. Past Part. Elevated.

અન્-ચેમ, an-chêm. વિ૦ કારણ—મતલબ—સબબ વિનાનું; અર્થ—કૌવત વિનાનું. Adj. Having no cause—reason; void of any object—signification—energy. Contrast Per. چم

હુચેમ, hûchêm. ક્રિ૦ આજ્ઞા૦ હું છુપ્યું કરૂં. V. Imper. I may conceal.

હુ-ચેમ, hû-chêm. ના૦ સારો ઘટતો સબબ—કારણ, સારી મતલબ. Subs. A good reason; a proper cause; a good end—purpose.

અન્-ચીર, an-chîr. See an-chîr.

અન્જીર, anjîr. ના૦ એક નદીનું નામ છે કે જે હેરાતમાં આવેલીછે; અંજીર; સક્રો. Subs. A river in Herat; the garden fig; *anus*. Comp. Per. انجیر

ઓજ્‌ગર, ôjgar. વિ૦ ઉંચું, મોટું, ચઢતે દરજ્જેનું. Adj. 'High; elevated great; exalted.

ઓજ્‌ગેરી, ôjgêrî. ના૦ ભાવ૦ કૌવત આપવું; કોઈને ચઢતે દરજ્જેનું બનાવવું. Abst. Subs. Giving strength; making a person exalted—dignified.

અન્-ચીરશ્ન, an-chîrashna. ના૦ ભાવ૦ ઈલાજ—ઉપાય વિનાની હાલત; નાચારી. Abst. Subs. State of being helpless; want of means—remedy; indigence.

અ-વજીરશ્ન, a-vajîrashna. વિ૦ ઈલાજ—ઉપાય—છુટકારા વિનાનું, નાચાર. Adj. Destitute of means—remedy—release; helpless.

ઓજ્-ગરશ્ન, ôj-garashna. ના૦ ભાવ૦ નાતવાની, નબલાઈ. Abst. Subs. Weakness; debility.

અવજીરશ્ની, avajîrashnî. વિ૦ વસીઅત—નસીહત પ્રમાણેનું. Adj. According to one's last will and testament; according to one's admonition—instruction.

ઓૅજગરશ્ની, ôjgarashnî. ના૦ ભાવ૦ વધારવું, શક્તિવાન થવું; કૌવત આપવું; શુર, જોર. Abst. Subs. Increasing; promoting; becoming strong—powerful; giving strength; vigour; power.

હવજીરશ્ની, havajîrashnî. ના૦ ભાવ૦ હોકમ પ્રમાણે ચાલવું. Abst. Subs. Obeying one's orders.

ઓૅજગરશ્નીહા, ôjgarashnîhâ. ક્રિ૦ અ૦ હોનારત મુજેબ, બનનારી રીતે. Adv. By a decree of fate; by chance; casually.

અ-વદીરશ્ની, a-vadîrashnî. વિ૦ પાયદાર, કાયમ, નહીં જનારૂં—નાંશ પાંમનારૂં. Adj. Firm; permanent; not passing—perishing; undecaying.

ઓૅજગરશ્ની, ôjgarashnî. ના૦ ભાવ૦ મોહટાઈ, ઉંચાઈ, બુલંદી; નાતવાની, નીબેલતાપણું; પાલવું; ચઢતે દરજ્જે પોંહચાડવું, ચઢતો દરજ્જો. Abst. Subs. Greatness; elevation; eminence; weakness; debility; nourishing; exalting; a high dignity.

ઓૅજ-ગરશ્ની-તર, ôj-garashnî-tar. વિ૦ વધારે કૌવતમંદ, વધારે બુજોરગી ભરેલું, વધારે ઉધારનારૂં, વધારે ચઢતો દરજ્જો ભોગવનારૂં. Adj. Compar. More powerful—eminent; more nourishing; enjoying a more exalted dignity.

અ-વજીરશ્નૅ, a-vajirashnê. See ôjgarashna.

ઓજીરશ્ને, ઓજ્ગરશ્ને, ôjîrashnê, ôjgarashnê. See ôjgarashna.

હુ-ચીરશ્ને, hu-chîrashnê. See hu-chîr, and also hu-chêhîr.

અન્-જીરે, anjîrê. ના૦ સફરો ; મુસાફરીને માટેની જરૂરની ચીજો. Subs. The anus ; necessaries for travelling. Comp. Per. انجیره

અન્-જુ, anjû. ક્રિ૦ અ૦ બાહેર ; ખેંચી કાઢેલું. Adv. Outwardly ; abroad ; drawn out.

આન્-ચે, ân-chê. સર્વ૦ જે કાંઈ ; વળી તેઓ ; તેઓનેભી. Pron. Whatever; even they ; to them also.

ઓજ્, ઓજે, ôj, ôjê. See , , , ôj.

હોજ્વાન, hôjvân. ના૦ જુલમ, જોર, જબરદસ્તી. Subs. Tyranny ; violence ; unjust force.

અન્-ચંદ, an-chand. ક્રિ૦ અ૦ કેટલેક દરજ્જે ; એટલું બધું, કેટલાક. "અન્દ્-ચન્દ" નો ટુંકો આકાર. Adv. In some degree ; so much ; some. Contracted form of , and-chand.

ઓજીએ, ôjîê. See ôj, ôjê.

ઓજ્-વદ, ôj-vad. ક્રિ૦ અ૦ ઉંચે—ઉપર સુધી. Adv. Up to the top ; high up.

ઓજ્-ઉન્, ઓજ્-વન્, ôj-ûn, ôj-van. ના૦ ઉંચું—જોરાવર ઝાડ. Subs. A lofty—mighty tree. Comp. Av. +

ઓજે-કાર, ôjê-kâr. નાo ચઢતે દરેજેનું—શ્રેષ્ઠ કામ. Subs. A work of an exalted order; an excellent work.

ઓજ્-વજશ્ને-ઓમન્દ, ôj-vajashnê-ômand. વિo ઝડપથી વેહનારૂં, ઝરાને લગતું. Adj. Fast-flowing; pertaining to a fountain. Comp. Av.

ઓજ્-વજશ્ને, ôj-vajashnê. નાo ભાવo ઝડપથી—ઉંચેથી વેહવું. Abst. Subs. Flowing fast—from upward.

અન્જુમન, anjûman. નાo મીજલસ, સભા, મંડળી, ફોજ, પંચ, પંચાયત. Subs. A meeting; a society; an army; an assembly of five or more arbitrators. Comp. Av. =Per. انجمن

અન્જુમની, anjûmanî. નાo મીજલસી, સભાસદ. Subs. A member of an assembly; an individual of a society.

અન્જુમનીગાન, anjûmanîgân. Subs. Plur. See above.

અન્જુમુનીગી, anjûmûnîgî. વિo અંજુમન—મીજલસ—સભા—ફોજને લગતું. Adj. Pertaining to an assembly—meeting—army.

ઓજવર, ôjvar. વિo શક્તિવાન, કૌવતમંદ, ખુબી ધરાવતું, અસરકારક, મોહ પમાડનારૂં. Adj. Powerful; strong; possessing certain virtues; efficacious; alluring.

અવ્જોર્દ, avjôrd. ના૦ પેહરણ; શરીર ઢાંકવાનું વસ્ત્ર. Subs. A garment; clothing for the body.

અવજ્-વર્દી, avaj-vardî. ના૦ પાછું ફેરવવું, હરખુત કરવું, ધીક્કારી—તુચ્છકારી—હાંકી કાઢવું. Subs Turning back; treating with contempt; slighting; driving away.

ઓજ્-વર્દી, ôj-vardî. ના૦ સચ્ચાઈને ફેરવવી—ઉલટાવવી, જુઠું બોલવું, કૌવતને પાછું હતાડવું; નબળું કરવું. Subs. Upsetting the truth; representing falsely; telling a lie; counteracting one's power; enfeebling. Pâz.

ઓજ્-વર્દીદન, ôj-vardîdan. See , ôj-vardî. ક્રિ૦ સચ્ચાઈને ફેરવવી—ઉલટાવવી, જુઠું બોલવું, કૌવતને પાછું હતાડવું, નબળું કરવું. V. To upset the truth; to represent falsely; to tell a lie; to counteract one's power; to enfeeble.

ઓજે, ôjê. See ôj.

આંચક, ânchak. ના૦ સીંધુ નદી ઉપરનાં એક શેહરનું નામ છે. Subs. Name of a city situated on the Indus.

હન્જે, hanjê. See anjû.

ઓજે, ôjê. ના૦ યજશનેનાં આલાત ભરવાનું વાસણ, કુંડી. વિ૦ કુટાયલું. શબ્દ૦ અ૦ ઉપર. Subs. A large round vessel of copper for putting ceremonial utensils, usually called a *Koondee*. Adj. Pounded. Prep. Up, on, above.

ઓજે-તર, ôjê-tar. See ôj-ômand-tar.

અવ્જદે, avjadê. ભૂ૦ કૃ૦ મારેલું, તુટેલું, જખમી કીધેલું. Past Part. Beaten; broken up; wounded. Comp. Av.

હન્જતે, hanjatê. ભૂ૦ કૃ૦ એકદમ મારેલું; મારીનાખેલું. Past Part. Struck at once; killed. Comp. Av. See avjadê.

ઓજ્-તુમ, ôj-tûm. See ôj-ômand-tûm. Av.

ઓજ્દગી, ôjdagî. વિ૦ વધારો કરનારૂં, ફેલાવનારૂં, આબાદ થતું. Adj. Increasing; promoting; thriving.

અન્ચત્પમન, anchatpaman. ના૦ સીનો, છાતી. Subs. The breast; the chest.

હુચત્પમન, hûchatpaman. ના૦ આંગળું. Subs. A finger.

ઓજ્-તર, ôj-tar. See ôj-ômand-tar. Av.

ઓજ્-વાન્-વર, ôj-vân-var. વિ૦ કૌવત—જોર રાખનાર. Adj. Possessing strength—power. Pâz.

ઓજ્પતે, ôjpatê. ના૦ ઉંધું વાલવું, પાડી નાખવું, વાંકું વાલવું. Subs. Upsetting, overthrowing, throwing down, bending down. Comp. Av. + = Sans. पत् = Per. افتادن

ઓજ્‌પતગી, ôjpatagî. નાo ભાવo કૌવત, બહાદુરી, ચઢતી કળા—પદવી. Abst. Subs. Strength; bravery; prosperity.

ઓજ્‌પત્ગી, ôjpatgî. નાo સદંતર જતું રેહવું, ગુમ થવું, નાશ પાંમવું. Subs. Becoming extinct—*non est;* decaying.

ઓચ્‌પમન, ôchpaman. See hûchatpaman.

ઓજમ, ôjam. ક્રિo આજ્ઞાo હું ઉઠું—ઉભો થાઉં—ચઢું—બુલંદ કરૂં. V. Imper. I may get up—stand up—ascend—exalt.

ઓજ્‌-મદમ, ôj-madam. વિo ઘણુંજ ચઢતે દરજ્જેનું—ઉંચી પંકતીનું. Adj. Of the highest order—dignity.

ઓજ્‌-મદમ્‌-કાર, ôj-madam-kâr. નાo ચઢતે દરજ્જેનાં—ઉંચી પંકતીનાં કામ. Subs. Works of the highest order—dignity.

અન્‌જમન, anjaman. See anjûman.

ઓજ્‌મન્દ, ôjmand. See ôj-ômand.

અન્‌જુમની, anjûmanî. See anjûmûnigî.

